**ક્રિમીનલ કેસ નંબરઃ– /૨૦૨**

## આંક–૧ લગત હુકમ

(૧) સદર કેસ પોલીસ તપાસના ચાર્જશીટના આધારે માંડવામાં આવેલો સમન્સ ટ્રાયબલ કેસ છે. સદર કેસનું રેકર્ડ વંચાણે લેતા હાલના કામે આરોપી વિરૂધ્ધ જુગારધારાની કલમ–૧૨ વિગેરે મુજબ નો ગુનો રજીસ્ટર થયેલો અને સદર કેસનું ચાર્જશીટ દાખલ ઘણો સમય થયેલો છે અને ફરીયાદપક્ષને આરોપીના સમન્સ તથા વોરંટની બજવણી માટે પુરતી તક આપવામાં આવેલ છે છતાં પણ ફરીયાદપક્ષ આરોપીને સમન્સ/વોરન્ટની બજવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે અને પ્રોસેસો આરોપી મળી નથી આવતો તેવા શેરા સાથે પરત આવેલ છે.

(૨) વધુમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ની જોગવાઈઓ ઘ્યાને લેતા "ફરીયાદ કર્યા સિવાય અન્ય રીતે માંડવામાં આવેલ કોઈપણ સમન્સ કેસમાં પહેલા વર્ગના જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કે ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ ની અગાઉથી મેળવેલ પરવાનગીને આધારે અન્ય કોઈપણ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કાર્યવાહીના કાંઈપણ તબકકે કોઈપણ જજમેન્ટ બહાર પાડયા સિવાય પોતે કારણોની નોંધ કરી કાર્યવાહી બંધ કરી શકશે અને મુખ્ય સાક્ષીના પુરાવા લીધા પછી કાર્યવાહી આવી રીતે બંધ કરવામાં આવી હોય તો આરોપીને નિદોર્ષ છોડી મુકવાનું જજમેન્ટ બહાર પાડવામાં આવશે અને બીજા અન્ય કોઈ પ્રસંગોમાં આરોપીને છોડી શકાશે અને આવી રીતે છોડી મુકવામાં આવે તો તેને બીન તહોમત છોડી મુકવામાં આવ્યો છે તેમ માનવામાં આવશે."

(૩) આમ, ઉપરોકત જોગવાઈ ઘ્યાને રાખી સદર કેસનું રેકર્ડ વંચાણે લેવામાં આવે તો સદર કેસમાં પોલીસ દ્વારા ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે અને સદર કામે આરોપીને વારંવાર પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ છે જે પ્રોસેસ આરોપીઓ મળી આવેલ નથી તેવા શેરા સાથે પરત આવેલ છે અને આરોપીને ચાર્જશીટ દાખલ થયાને ઘણો સમયગાળો વિતવા છતાં સમન્સ/વોરંટની બજવણી થયેલ નથી. આમ, સદર કેસમાં આરોપીને હાજર રાખવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ નિવડેલ છે. જેથી હાલના કેસનો પ્રકાર, આરોપીઓ સામેનો આક્ષેપિત ગુન્હો, સજાની જોગવાઈ ઘ્યાને લઈ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ની જોગવાઈઓ ઘ્યાને રાખીને ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: : : હુકમ : : :**

- ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ અન્વયે હાલની કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે અને આ કામે આરોપીઓને બિન તહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામે કબજે લીધેલ મુદ્દામાલ રોકડ રકમ અપીલ સમય બાદ નિયમોનુસાર સરકાર ખાલસા કરવી તથા તે સિવાય સદર કામે કબજે લીધેલ મોબાઈલ/વાહન/સોના–ચાંદીના દાગીના અંગે વચગાળાનો કરવામાં આવેલો હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે અને જો સદર મુદ્દામાલ અંગે

વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલો ન હોય તો અપીલ સમય દરમ્યાન જો કોઈ કલેઈમ કરે તો સદર મુદ્દામાલ મોબાઈલ/વાહન/સોના–ચાંદીના દાગીનાની માલિકી અંગે ખરાઈ કરીને માલિકી અંગે નો જરૂરી આધાર પુરાવો લઈને જે તે મુળ માલિકને પરત સોંપી આપવો અને જો સદર મુદ્દામાલ મોબાઈલ/વાહન/સોના–ચાંદીના દાગીના મુળમાલિક મળી આવે તેમ ન હોય તો અપીલ સમય ઉપરાંત બે માસ વિત્યેથી સદર મુદ્દામાલની નિયમોનુસાર જાહેર હરાજી કરીને તેની ઉપજેલી રકમ સરકાર ખાલસા કરવી તેમજ તે સિવાયના અન્ય મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમોનુસાર નાશ કરવો.

➢ ભવિષ્યમાં આરોપીને ફરીયાદપક્ષ રજુ કરે કે આરોપી સામેથી હાજર થાય તો સદરહુ કેસની કાર્યવાહી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૦૦(૫) મુજબ શરૂ કરવાના ફરીયાદપક્ષના હકકને આ હુકમથી કોઈ બાધ રહેશે નહી અને તેવા કિસ્સામાં આ કોર્ટે કાર્યવાહી શરૂ કરવાની પરવાનગી આપેલ છે તેમ ગણાશે.

હુકમ આજરોજ તા.૨૨મી માહે જુન સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨.૦૬.૨૦૨૪
મુ.સુરત

જયુડી. મેજી.ફ.ક.,
(પ્રથમ કોર્ટ), સુરત